દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

## 27 January
## to
## 2 February
## 2018

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેજીન



તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

**Paresh Chavda**

EduSafar

# કરંટ અફેર્સ, તારીખ ૨૭/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### સમગ્ર દેશમાં ૬૯ મો પ્રજાસત્તાક પર્વ મનાવવામાં આવ્યો.

દેશમાં ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ રાજપથ,નવી દિલ્હીમાં ૬૯ મો પ્રજાસત્તાક પર્વ મનાવવામાં આવ્યો.

આહી દેશના ગૌરવ અને મહિમાને પ્રદર્શિત કરવામાં આવેલ.

આ વખતે પ્રથમવાર ૧૦ આસિયાન દેશોના પ્રતિનિધિઓ એક સાથે ભારતના મહેમાન બનેલા.

પરેડ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ અસિત મિસ્ત્રીએ પ્રજાસત્તાક પર્વે પરેડનું નેતૃત્વ કરેલ.

કાશ્મીરમાં આતંકવાદીઓ સાથે લડતી વખતે માર્યા ગયેલા ભારતીય વાયુસેનાના કોર્પોરલ જ્યોતિ પ્રકાશ નીર્રાના પરિવારના સભ્યોને ભારતનો સર્વોચ્ચ શુરવીર પુરસ્કાર અશોકચક્ર આપીને સન્માનિત કરાયેલ.

આ ભારતીય વાયુસેના માટે ત્રીજું અશોક ચક્ર છે, અને મૈદાન યુદ્ધમાં આ પ્રથમ અશોક ચક્ર છે.

## આંતરરાષ્ટ્રીય

### વૈશ્વિક પર્યાવરણ સૂચકાંકમાં ભારત ૧૭૭ માં સ્થાન પર રહ્યું.

સ્વીત્ઝરલૅન્ડના દાવોસમાં જાહેર કરવામાં આવેલ ગ્લોબલ એન્વાયરમેન્ટ પરફોર્મન્સ ઈન્ડેક્સ (ઈ.પી.આઈ.) રીપોર્ટમાં ભારત વિશ્વના ઘણા દેશોના મુકાબલે પાછળ રહેવા પામેલ છે.

આ સુચકાંકમાં કુલ ૧૮૦ દેશોનો સર્વે કરવામાં આવેલ,જેમાં ભારત અંતિમ પાંચ દેશોની સૂચિમાં સામેલ છે.

ગ્લોબલ એન્વાયરમેન્ટ પરફોર્મન્સ ઈન્ડેક્સના રિપોર્ટમાં ૧૦ શ્રેણીઓના અલગ-અલગ મુદ્દાઓ પર રીસર્ચ તૈયાર કરવામાં આવેલ છે.

આમાં હવાની ગુણવત્તા, પાણી અને સ્વચ્છતા, કાર્બન ઉત્સર્જન તીવ્રતા જંગલોનો નાશ વગેરે ઉપચાર સામેલ છે.

ભારત આ વર્ષે જાહેર થયેલ રીપોર્ટમાં ૧૭૭ માં સ્થાને રહ્યું, આ પહેલા બે વર્ષ પહેલા આ સૂચિમાં ભારત ૧૪૧ માં સ્થાન પર હતું.

ગ્લોબલ એન્વાયરમેન્ટ પરફોર્મન્સ ઈન્ડેક્સના રિપોર્ટ સૌપ્રથમવાર વર્ષ ૨૦૦૨ માં જાહેર

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

કરવામાં આવેલ.

## રમત-જગત

### અફઘાનિસ્તાન પ્રથમવાર અન્ડર-૧૯ વિશ્વકપની સેમીફાઈનલમાં પ્રવેશ મેળવવામાં સફળ થયું.

અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ ૨૫ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ આઈ.સી.સી.ની અન્ડર-૧૯ વિશ્વકપ ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પ્રવેશ મેળવવામાં સફળ રહેલ છે.

હેગ્લે ઓવલ મેદાન પર રમવામાં આવેલ ત્રીજા ક્વાર્ટર ફાઈનલ મેચમાં અફઘાનિસ્તાને ન્યુઝીલેન્ડને ૨૦૨ રનથી હરાવેલ.

અફઘાનિસ્તાનની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી હતી, તેમણે છ વિકેટના નુકશાન પર ૩૦૯ રન બનાવ્યા હતા.

આ લક્ષ્યાંકને ન્યુઝીલેન્ડની ટીમ હાંસલ ન કરી શકી હતી, અને માત્ર ૧૦૭ રન પર તે ઓલ આઉટ થઇ ગઈ હતી.

૨૦૧૮ આઈ.સી.સી. અન્ડર-૧૯ ક્રિકેટ વિશ્વકપ ૧૩ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી ન્યુઝીલેન્ડમાં આયોજિત થયેલ છે.

## અન્ય

### મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આંગણવાડી સેવા પ્રશિક્ષણ માટે પ્રબંધન સૂચના પ્રણાલી પોર્ટલની શરૂઆત કરવામાં આવી.

મહિલા અને બાળ વિકાસ સચિવ રાકેશ શ્રીવાસ્તવે ૨૪ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ નવી દિલ્હીમાં આંગણવાડી સેવા પ્રશિક્ષણ કાર્યક્રમ માટે પ્રબંધ સૂચના પ્રણાલી પોર્ટલની શરૂઆત કરેલ છે.

આ પોર્ટલને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સુચના વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી વિકસિત કરવામાં આવેલ છે.

આ અંતર્ગત આંગણવાડી સેવી પ્રશિક્ષણ કેન્દ્ર અથવા મધ્ય સ્તરીય પ્રશિક્ષણ કેન્દ્રના અંતર્ગત આંગણવાડી સેવાઓ દેનાર બિન સરકારીને આવેદન અથવા અનુમાન જમા કરી શકે છે.

આ પોર્ટલના પહેલા ચરણમાં બિન સરકારી સંગઠન પોત-પોતાના રાજ્યો અને કેન્દ્ર સાશિત પ્રદેશોનો પ્રસ્તાવ આપી શકે છે.

## સમીક્ષા,તારીખ ૨૭/૦૧/૨૦૧૮

### સરકારે ૨૦ સાર્વજનિક ક્ષેત્રની બેંકોમાં ૮૮ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું...

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

સરકારે ૨૦ સાર્વજનિક ક્ષેત્રની બેંકોમાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૩૧ માર્ચના સમાપ્ત થયેલા નાણાકીય વર્ષમાં ૮૮,૧૩૯ કરોડ રૂપિયાની મૂડી રોકવાની જાહેરાત કરી છે.

આ રકમથી લોન આપી શકાશે તથા વિકાસનો પુનરોદ્ધાર કરી શકાશે.

આઈ.ડી.બી.આઈ.બેંકને સૌથી વધારે ૧૦,૬૧૦ કરોડ રૂપિયા આપવામાં આવશે.

આ પછી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને ૮,૮૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે.

આ તબક્કા દરમિયાન ૨૦ બેંકોને મૂડીગત લાભ મળશે.

આ બેંકોમાં બેંક ઓફ ઇન્ડીયા, યુકો બેંક, પંજાબ નેશનલ બેંક પણ સામેલ છે.

ગયા વર્ષે ઓક્ટોબર ૨૦૧૭ માં સરકારે બે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ વચ્ચે બે લાખ કરોડ રૂપિયાની બેંક પુનઃજીવીકરણ યોજના માટેની જાહેરાત કરવામાં આવી હતી.

## કરંટ અફેર્સ, તારીખ ૨૮/૧/૨૦૧૮

### રાષ્ટ્રીય

**મધ્યમ નાણાકીય બેંકો અને ચુકવણી બેંકોમાં પણ અટલ પેન્શન યોજના સુવિધા શરુ કરવામાં આવી.**

કેન્દ્ર સરકારે અટલ પેન્શન યોજનાને વિસ્તારવા માટે મધ્યમ નાણાકીય બેંકો અને ચુકવણી બેંકોને જોડવામાં આવેલ છે.

ભારતીય રીઝર્વ બેંકે ૧૧ ચુકવણી (પેમેન્ટ) બેંકો અને ૧૦ મધ્યમ નાણાકીય (સ્મોલ ફાઈનાન્સ) બેંકોને લાયસન્સ પ્રદાન કરવામાં આવેલ છે.

પેમેન્ટ બેંક અને ફાયનાન્સ બેંક બેક્કિંગ જગતમાં બિલકુલ નવા મોડેલ છે.

૨૩ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અટલ પેન્શન યોજના સાથે ૮૪ લાખ લોકો જોડાઈ ચુક્યા છે.

આ યોજના અંતર્ગત ૩૧૯૪ કરોડ રૂપિયાની અભિદાન રકમ પ્રાપ્ત થઇ ચુકી છે.

પેન્શનની રકમ પેન્શન ખાતા ખોલતા સમયે જ નક્કી કરવામાં આવે છે.

અટલ પેન્શન યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૫ માં ૯ મેં ના રોજ કોલકાતા ખાતે શરુ કરવામાં આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## આંતરરાષ્ટ્રીય

### વૈશ્વિક પ્રતિસ્પર્ધાત્મકતા સૂચકાંકમાં ભારત ૮૧ માં સ્થાન પર રહ્યું.

સ્વીત્ઝરલૅન્ડના દાવોસમાં આયોજિત વિશ્વ આર્થિક સૂચકાંકમાં ભારત ૮૧ માં સ્થાન પર જાહેર થયું છે.

ડબલ્યુ.ઈ.એફ.ની વાર્ષિક બેઠકના પહેલા દિવસે જાહેર થયેલા આ રીપોર્ટ અનુસાર ભારત પ્રતિભા પ્રતિસ્પર્ધાત્મકતાના વૈશ્વિક સૂચકાંકમાં પોતાની સ્થિતિ સારી બનાવતા ૮૧ માં સ્થાન પર પહોંચી ગયેલ છે.

આ સૂચિમાં સ્વીત્ઝર્લેન્ડ દેશ સૌથી ઉપરના સ્થાન પર રહેલ છે.

ભારત આ સૂચિમાં વર્ષ ૨૦૧૭ માં ૯૨ માં સ્થાન પર રહેલ,જે આ વર્ષે સુધારો દર્શાવે છે.

બ્રિક્સ દેશોમાં ચીન આ સૂચિમાં ૫૪ માં સ્થાન પર રહેવા પામેલ છે.

વૈશ્વિક પ્રતિસ્પર્ધાત્મકતા સૂચકાંકમાં સ્વીત્ઝરલૅન્ડ બાદ સિંગાપુર અને અમેરિકા રહેલા છે.

## રમત-જગત

### ટીમીયા બાબોસ અને ક્રિસ્ટીના મ્લાદેનોવિચની જોડીએ ઓસ્ટ્રેલીયાઈ ઓપન મહિલા યુગલનો ખિતાબ જીત્યો.

ટીમિયા બાબોસ અને ક્રિસ્ટીના મ્લાદેનોવિચની પાંચમી જોડીએ ઓસ્ટ્રેલીયાઈ ઓપન મહિલા યુગલના ખિતાબી મુકાબલામાં બીજી જોડીને હરાવીને આ ખિતાબ જીતેલ છે.

બીજી જોડીમાં એકાટેરીના મકારોવા અને એલેના વેસ્નીનાની રશિયાની જોડીને હરાવેલ.

ટીમિયા બાબોસ હંગેરી દેશના પ્લેયર છે,જયારે ક્રિસ્ટીના મ્લાદેનોવિચ ફ્રાંસ દેશના ખેલાડી છે.

આ બંનેએ ફાઈનલ ૬-૪, ૬-૩ થી જીતીને પ્રથમવાર ગ્રાન્ડસ્લેમ ખિતાબ જીતેલ છે.

આ પહેલા આ જોડીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન વિમ્બલડન ૨૦૧૪ માં ફાઈનલમાં પહોંચવામાં હતું.

## અન્ય

### બંગાળી ફીમના પ્રસિદ્ધ અભિનેત્રી સુપ્રિયા દેવીનું અવસાન થયું.

બંગાળી ફિલ્મોના અનુભવી અભિનેત્રી સુપ્રિયા દેવીનું ૮૫ વર્ષની વયે અવસાન થયેલ છે.

ઉત્તમ કુમાર અભિનીત 'બસુ પરિવાર' ના સાથે ૧૯૫૨ માં તેણી ફિલ્મમાં પ્રવેશ્યા હતા.

સુપ્રિયા દેવીનો જન્મ વર્ષ ૧૯૩૩ માં થયો હતો.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

તેણીની કેરિયર લગભગ પાંચ દશકા સુધી લંબાઈને રહેલ.

વર્ષ ૧૯૫૯ માં ઉત્તમકુમાર સાથે આવેલ સોનાર હરિન તેણીની કેરિયર માટે એક સીમા ચિહ્ન રૂપ ફિલ્મ સાબિત થયેલ.

## સમીક્ષા,તારીખ ૨૮/૦૧/૨૦૧૮

### ૨૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ સુધી લાલ કિલ્લામાં ભારત પર્વનું આયોજન થયું.

પ્રજાસત્તાક પર્વ ૨૦૧૮ સમારોહના અંગ સ્વરૂપમાં ભારત સરકાર ૨૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ સુધી લાલ કિલ્લામાં ભારત પર્વનું આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજનનો મુખ્ય ઉદેશ્ય પર્વના માધ્યમથી દેશભકિતની ભાવના, ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાને વધારવા માટેનો છે.

તથા આ પ્રકારના કાર્યમાં સામાન્ય જન સમુદાયને જોડવા માટેનો છે.

આ આયોજન માટે પર્યટન મંત્રાલયને નોડલ મંત્રાલય બનાવવામાં આવેલ.

અહી પ્રજાસત્તાક પર્વની પરેડની ઝાંખી પ્રદર્શિત કરાશે, સશસ્ત્ર બળોના બેન્ડ પણ પ્રદર્શિત કરાશે.

વિવિધ પ્રકારના ખાન-પાનની વ્યવસ્થા કરવામાં આવશે, હસ્તશિલ્પ મેળાનું પણ આયોજન કરાશે.

આ સાથે સમગ્ર દેશના વિવિધ પ્રદેશો અને રાજ્યોમાંથી વિભિન્ન પ્રકારના પ્રોગ્રામ આયોજિત કરાશે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૯/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ભારતના બીજા સર્વોચ્ચ સન્માન પદ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી.

આ જાહેરાત ૨૫ મી જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ.

રાષ્ટ્રપતિ રામનાથ કોવીંદે ૮૫ વ્યક્તિઓને પદ્મ પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે.

આ વખતે ૩ ને પદ્મ વિભૂષણ,૯ ને પદ્મ ભૂષણ અને ૭૩ ને પદ્મશ્રી સન્માન આપવામાં આવશે.

આ પુરસ્કાર પ્રાપ્ત કરવા વાળાઓમાં ૧૪ મહિલાઓ અને ત્રણ લોકોને મરણોપરાંત પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

બે પુરસ્કાર સયુંક્ત રૂપથી આપવામાં આવનાર છે.

ગુજરાતના પંકજ શાહને મેડીસીન ક્ષેત્રમાં પદ્મશ્રી એનાયત થયેલ છે.

## આંતરરાષ્ટ્રીય

### ભારત અને કમ્બોડિયા વચ્ચે ચાર સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

ભારત અને કમ્બોડિયા વચ્ચે ચાર સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવેલ છે,જેમાં સાંસ્કૃતિક આદાન-પ્રદાનના ક્ષેત્રમાં સમજુતી ૨૬.૯ મીલીયન ડોલરના વિનિમય સાથે.

કાનૂની બાબતોમાં સહયોગ માટે પણ સમજુતી કરાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંતમાનવ તસ્કરી રોકવા માટેના કરાર પર પણ સમજુતી કરાર કરવામાં આવેલ છે.

દેશના પ્રધાનમંત્રી તથા કમ્બોડિયન પ્રધાનમંત્રી હન સેનની ઉપસ્થિતિમાં આ દસ્તાવેજોનું આદાન-પ્રદાન કરવામાં આવેલ.

કમ્બોડિયાની રાજધાની નોમ પેન્હ છે, જયારે ત્યાનું ચલણ કમ્બોડિયન રીલ છે.

## રમત-જગત

### આઈ.પી.એલ.-૧૧ ના ખેલાડીઓની હરાજી.

હરાજીના પ્રથમ દિવસે ૭૮ ખેલાડીઓ વેંચાયા, જેમાં ૪૯ ભારતીય અને ૨૯ વિદેશી ખેલાડીઓનો સમાવેશ થાય છે.

આ તમામ ખેલાડીઓમાંથી ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ સૌથી ઉંચી કિંમતે વેંચાયા છે.

આ ખેલાડીને રાજસ્થાન રોયલ્સે ૧૨.૫ કરોડ રૂપિયામાં ખરીદેલ છે.

ભારતીય ખેલાડીઓમાં મનીષ પાંડે અને લોકેશ રાહુલને અનુક્રમે હૈદરાબાદ અને પંજાબે ૧૧-૧૧ કરોડ રૂપિયામાં ખરીદી લીધેલ છે.

આગામી ૭ મી એપ્રિલથી આઈ.પી.એલ.-૧૧ ની સીઝન શરુ થશે.

## અન્ય

### હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ મહિલાઓની સુરક્ષા માટે શક્તિ એપનો પ્રારંભ કર્યો.

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે રાજયની મહિલાઓની સુરક્ષા માટે શક્તિ એપનો શુભારંભ કરેલ છે.

આ એપમાં પેનિક બટન આપવામાં આવેલ છે.

હિમાચલ પ્રદેશ સરકારના રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ એપ હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

આ એપ વાપરવા માટે ઈન્ટરનેટ કનેક્ટિવિટીની જરૂરિયાત નહિ રહે.

## સમીક્ષા,તારીખ ૨૯/૦૧/૨૦૧૮

### વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટ તૈયાર કરવામાં આવ્યું...

અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાએ વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટ તૈયાર કરી લીધેલ છે.

નાસા દ્વારા કહેવાયા અનુસાર આ રોકેટનું એન્જીન આર.એસ-૨૫ નું પરીક્ષણ સફળ રહ્યું છે.

જો તમામ પ્રકારીયા યોગ્ય રહેશે,તો આગામી વર્ષોમાં તેને અંતરીક્ષમાં પણ મોકલવામાં આવશે.

જોકે આ મિશનમાં માનવીને મોકલવામાં નહિ આવે.

આ રોકેટ ૭૭ ટન વજન સાથે ઉડાન ભરવા માટે સક્ષમ છે.

આ રોકેટનું વજન ૪ ટન જેટલું છે, તેની લંબાઈ ૧૪ મીટર અને પહોળાઈ ૮ મીટર જેટલી છે.

આ રોકેટના ફ્યુઅલ એન્જીનમાં બળતણ અને ઓક્સિજન બંનેનું મિશ્રણ વાપરવામાં આવે છે.

## કરંટ અફેર્સ, તારીખ ૩૦/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭-૧૮ રીપોર્ટ.

કેન્દ્રના નાણામંત્રી અરુણ જેટલીએ ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭-૧૮ રજુ કરેલ.

આર્થિક સર્વેક્ષણમાં  નાણામંત્રી અરુણ જેટલીએ વર્ષ ૨૦૧૯ દરમિયાન જી.ડી.પી.(ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) ને ૭ ટકાથી ૭.૫ ટકા વધવાનું અનુમાન કરેલ છે.

જયારે તેજીથી વધતી ખનીજ તેલની કિંમત પણ સરકારની ચિંતાનું કારણ છે, જે આ વર્ષે ૧૨ ટકા મોંઘી થવાની શક્યતા છે.

આર્થિક સર્વેક્ષણ અનુસાર વર્ષ ૨૦૧૭-૧૮ માં રાજકોષીય ખાધ ૩.૨ ટકા રહેવાનું

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

EduSafar

અનુમાન છે.

ભારત દ્વારા ચાલુ વર્ષે પર્યાવરણ અને જળવાયું સંબધિત કાર્યક્રમો ચાલુ રાખવાનું પણ આયોજન કરાયું છે.

## આંતરરાષ્ટ્રીય

### ગ્રેમી પુરસ્કાર ૨૦૧૮- વિજેતાઓની પૂર્ણ સુચિ.

૬૦ મો વાર્ષિક ગ્રેમી એવોર્ડ્સ ઓક્ટોબર ૨૦૧૬ થી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી સર્વોતમ ઉપલબ્ધિઓનું સન્માન કરતા ન્યુયોર્ક સીટી,યુ.એસ.એ. માં મૈડ્સીન સ્કવેર ગાર્ડનમાં આયોજિત કરવામાં આવેલ.

જેમ્સ કોર્ડન વર્ષમાં બીજીવાર સમારોહના મેજબાન હતા.

ન્યુયોર્કમાં આયોજિત ગ્રેમી એવોર્ડ્સમાં બ્રુનો માર્સે ત્રણ એવોર્ડ જીતેલા.

આ ત્રણ પુરસ્કારોમાં આલ્બમ ઓફ ધ યર, સોંગ ઓફ ધ યર, અને રેકોર્ડ ઓફ ધ યર નો સમાવેશ થાય છે.

પ્રથમ ગ્રેમી એવોર્ડ સમારોહ ૪ મેં, ૧૯૫૯ ના રોજ આયોજિત કરવામાં આવેલ.

## રમત-જગત

### રોજર ફેડરરે ૨૦ મો ગ્રાન્ડસ્લેમનો ખિતાબ જીત્યો.

રોજર ફેડરરે ૨૮ મી જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ઓસ્ટ્રેલીયન ઓપનના ખિતાબી મુકાબલામાં ક્રોએશિયાના મારિન સિલીચને હરાવી પોતાની કેરિયરનો ૨૦ મો ગ્રાન્ડસ્લેમ ખિતાબ જીતી લીધેલ છે.

આ સાથે તેઓ ૨૦ મો ગ્રાન્ડસ્લેમ જીતનાર પ્રથમ પુરુષ ખેલાડી બની ચુક્યા છે.

સ્વીસ ખેલાડીનો આ લગાતાર બીજો અને ઓવરઓલ છઠ્ઠો ઓસ્ટ્રેલીયન ખિતાબ છે.

રોજર ફેડરરે છ મહિના જખમી થયા બાદ ગયા વર્ષે રમતમાં પાછા ફરેલ,ત્યારબાદ તેની સફર સારી ચાલી રહી છે.

રોજર ફેડરરનું નામ વર્ષ ૧૯૯૯ માં પ્રથમવાર વિશ્વના ટોપ ૧૦૦ ટેનીસ ખેલાડીમાં આવેલ.

## અન્ય

### પ્રસિદ્ધ કીટ વૈજ્ઞાનિક ગુરુચરણ સિંહનું કાલકટનું અવસાન થયું.

હરિયાળી ક્રાંતિમાં યોગદાન આપનાર ડો.ગુરુચરણ કાલકટનું ૨૭ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ અવસાન થયેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

તેઓ ૯૨ વર્ષની વયનાં હતા.તેઓને પંજાબમાં ક્રાંતિના પ્રણેતા કહેવામાં આવતા હતા.

તેમણે નાના ખેડૂતોની આજીવિકાને વધારવા માટે ખુબ મહેનત કરેલ.

આ ઉપરાંત મશીનરીનો બોજ ખેડૂતોના ખંભા પરથી ઉતારવા માટે તમણે કો-ઓપરેટીવ સોસાયટીના માધ્યમથી મશીનરી ઉપલબ્ધ કરાવવા માટે કામ કરેલ.

ડો.ગુરુચરણ સિંહ કાલકટ રાજ્યમાં હરિયાળી ક્રાંતિ લાવવા ઉપરાંત કૃષિ ક્ષેત્રમાં ખુબ અગ્રણી સુધારાઓ માટે જાણીતા બનેલા.

## સમીક્ષા, તારીખ ૩૦/૦૧/૨૦૧૮

### ભારત નવી દિલ્હીમાં અનૌપચારિક ડબલ્યુ.ટી.ઓ.ની મંત્રીસ્તરીય બેઠકની મેજબાની કરશે...

આનૌપચારિક વિશ્વ વ્યાપાર સંગઠનની મંત્રીસ્તરીય બેઠક માટે ઓસ્ટ્રેલીયા, જાપાન અને સ્વીત્ઝરલેન્ડ સહિતના વિભિન્ન દેશોના વ્યાપાર મંત્રીઓ સ્વીત્ઝરલેન્ડના દાવોસમાં મળેલા.

ભારતનું પ્રતિનિધિત્વ વિશ્વ વ્યાપાર સંગઠનના રાજદૂત અને સ્થાયી પ્રતિનિધિ દીપક જગદીશ સક્સેના દ્વારા કરવામાં આવેલ.

ભારત દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે તે માર્ચ ૨૦૧૮ માં એક અનૌપચારિક વિશ્વ વ્યાપાર સંગઠન મંત્રીસ્તરીય બેઠકની મેજબાની કરશે.

આ બેઠક નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવશે.

વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના ૧ જાન્યુઆરી ૧૯૯૫ ના રોજ કરવામાં આવેલ છે.

આ સંગઠનની ઓફિસિયલ ભાષાઓમાં ઈંગ્લીશ, ફ્રેંચ અને સ્પેનીશનો સમાવેશ થાય છે.

હાલ આ સંસ્થાના ડાયરેક્ટર તરીકે રોબર્ટો એઝેવેડો સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ, તારીખ ૩૧/૧/૨૦૧૮

### આજ સુધીના સૌથી પહેલા ખાદી હાટનું ઉદ્ઘાટન દિલ્હીમાં કરવામાં આવ્યું.

૬૯ માં પ્રજાસત્તાક પર્વ પર ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કે.વી.આઈ.સી.) તથા નવી દિલ્હી નગર પરિષદ (એન.ડી.એમ.સી.) દ્વારા પ્રથમ ખાદી હાટ લોન્ચ કરેલ છે.

ખાદી હાટનું ઉદ્ઘાટન કેન્દ્રીય મંત્રી ગીરીરાજ સિંહ દ્વાર કરવામાં આવેલ.

આ હાટ દિલ્હીના કેનોટ પેલેસમાં ખુલ્લો મુકવામાં આવેલ છે.

હાલમાં કે.વી.આઈ.સી.ના અધ્યક્ષ તરીકે વી.કે.સક્સેના સેવા આપી રહ્યા છે.

જયારે એન.ડી.એમ.સી.ના અધ્યક્ષ તરીકે નરેશ કુમાર સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ભારત રહેવા માટે વિશ્વનો સૌથી સસ્તો બીજા નંબરનો દેશ...એક સર્વે.

વિશ્વમાં રહેવા માટે અથવા સેવા નિવૃત થયા બાદ રહેવા માટે ભારત વિશ્વનો સૌથી સસ્તો દેશ છે.

૧૧૨ દેશોનો કરાયેલ સર્વેમાં રહેવા માટે સૌથી સસ્તા દેશમાં પ્રથમ નંબરે દક્ષિણ આફ્રિકાને માનવામાં આવેલ છે.

અને ત્યારબાદ બીજા નંબર પર ભારત દેશને માનવામાં આવે છે.

આ સર્વેક્ષણ ગોબેકિંગરેટસ સંસ્થા દ્વારા કરવામાં આવેલ.

આ સર્વે મુખ્ય ચાર બાબતોના આધાર પર કરવામાં આવેલ છે, જેમાં લોકલ પર્ચેન્જીંગ પાવર ઈન્ડેક્સ,રેડ ઈન્ડેક્સ, ગ્રોસરીઝ ઈન્ડેક્સ,અને કન્ઝ્યુમર પ્રાઈસ સમાવાયેલ છે.

સૌથી મોંઘા ત્રણ દેશોમાં પ્રથમ બર્મુડા, બહામાસ અને ત્રીજો હોંગકોંગનો સમાવેશ થાય છે.

## રમત-જગત

અફઘાનિસ્તાનને છ વિકેટે હરાવી ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯ ક્રિકેટ વિશ્વકપમાં ફાઈનલમાં પહોંચવામાં સફળ.

આ મેચ દરમિયાન અફઘાનિસ્તાન દેશની ટીમે પ્રથમ બેટિંગ કરી હતી, અને ૧૮૧ રન બનાવ્યા હતા.

સામા પક્ષે ઓસ્ટ્રેલીયાને ૧૮૨ રનનો લક્ષ્યાંક મળતા ૩૭.૩ ઓવરમાં આ લક્ષ્યાંક પાર પાડેલ.

અફઘાનિસ્તાન દેશની ટીમ તરફથી બેટ્સમેન ઈકરામઈલી ખીલે ૧૧૯ બોલમાં ૮૦ રન બનાવ્યા હતા.

ઓસ્ટ્રેલીયા તરફથી મેરલોએ ૧૦ ઓવરમાં ૨૪ રન આપી,ચાર વિકેટ ઝડપી હતી.

હાલ આઈ.સી.સી.અન્ડર-૧૯ ક્રિકેટ વિશ્વકપ ન્યુઝીલેન્ડમાં ચાલી રહ્યો છે.

## અન્ય

મધ્યપ્રદેશની સરકારે સ્કોલરશીપ વિતરણ માટે મિશન વન ક્લિક યોજનાની શરૂઆત કરી.

મધ્યપ્રદેશ રાજ્ય સરકારે સ્કુલોમાં ૩૦ પ્રકારની સ્કોલરશીપ વિતરણ માટે મિશન વન કિલક યોજના શરૂ કરેલ છે.

આ સરકારે આઠ સરકારી વિભાગની ૩૦ પ્રકારની સ્કોલરશીપ સમગ્ર શિક્ષા પોર્ટલના

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

માધ્યમથી ઓનલાઈન વિતરિત કરવા માટે સ્કુલ શિક્ષા વિભાગને નોડલ વિભાગ બનાવવામાં આવેલ છે.

આ વ્યવસ્થામાં રાજ્યની સમસ્ત સરકારી અને પ્રાઈવેટ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરી રહેલા એક કરોડ ૪૮ લાખ વિદ્યાર્થીઓની પ્રોફાઈલને ઓનલાઈન કરવમાં આવેલ છે.

આ પ્રોફાઈલના આધારે સ્કોલરશીપની ગણતરી કરી તેનું વિતરણ કરવામાં આવેશે.

આ પ્રોફાઈલમાં જાતિ, માતા-પિતાનો વ્યવસાય, પરિવારની વાર્ષિક આવક, બીપીએલ સ્ટેટ્સ, હોસ્ટેલ સ્ટેટ્સ અને ગત વર્ષનું વિદ્યાર્થીનું પરિણામ સામેલ કરાયેલ છે.

## સમીક્ષા, તારીખ ૩૧/૦૧/૨૦૧૮

### ઉત્કૃષ્ઠ સંસદીય પુરસ્કાર માટે પાંચ સાંસદ ચૂંટવામાં આવ્યા...

લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજનની અધ્યક્ષતામાં ભારતીય સંસદીય સમૂહ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે સંસદના પાંચ સદસ્યોને ઉત્કૃષ્ઠ સાંસદ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવેલ છે.

આમા કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદનો સમાવેશ થાય છે.(વર્ષ ૨૦૧૫).

તૃણમુલ કોંગ્રેસના દિનેશ ત્રિવેદી (વર્ષ ૨૦૧૬), મણિપુરના રાજ્યપાલ નજમા એ હૈપતુલ્લા (વર્ષ ૨૦૧૩).

બીજેપીના લોકસભા સદસ્ય હુકુમદેવ નારાયણ યાદવ(વર્ષ ૨૦૧૪) તથા પન્ચાવારના રાજ્યસભાના સદસ્ય લોકબીજું જનતાદળ (બીજેડી) ના ભર્તુહરી મહતાબનો સમવેશ થાય છે.

ઉત્કૃષ્ઠ સંસદીય પુરસ્કાર વર્ષ ૧૯૯૫ માં સ્થાપિત કરવામાં આવેલ.

આજ સુધીમાં ૧૮ પ્રતિષ્ઠિત સાંસદોને આ પુરસ્કારને મેળવેલ છે.

સમાજવાદી પાર્ટીના ચન્દ્રશેખર આ સંસદીય પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ સદસ્ય હતા.

## કરંટ અફેર્સ, તારીખ ૧/૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ભારતીય નૌસેના દ્વારા ત્રીજી સ્કોર્પીન શ્રેણીની સબમરીન કરંજનો શુભારંભ કરવામાં આવ્યો.

ભારતીય નૌસેનાએ આઈ.એન.એસ.કરંજનો શુભારંભ કરેલ છે.

સ્વદેશી સ્કોર્પીન શ્રેણીની છ સબમરીનમાં આ ત્રીજી સબમરીન છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

બધારે સારી સુવિધાઓ અને ચોક્કસ જાણકારી-દિશા-નિર્દેશ આપતી આ સબમરીન મુંબઈના માજગન ડોકયાર્ડમાં બનાવવામાં આવેલ છે.

આ સમયે નૌસેનાના અધિકારી ચીફ એડમિરલ સુનીલ લંબા મુખ્ય અતિથી તરીકે રહેલા.

આ સબમરીનની કુલ લંબાઈ ૬૭.૫ મીટર છે, અને ઉંચાઈ ૧૨.૩ મીટર છે.

સ્કોર્પીન શ્રેણીની પ્રથમ સબમરીન આઈ.એન.એસ.કાલવારી હતી.

## આંતરરાષ્ટ્રીય

ગૂગલ દ્વારા 'બુલેટીન' નામની એક નવી એપનો પ્રારંભ કરવામાં આવ્યો.

ગૂગલ દ્વારા બુલેટીન નામની નવી એપનો શુભારંભ કરવામાં આવેલ છે.

જે કોઈપણને પોતાના સમુદાય માટે અને તેના સ્ટોરી પ્રસ્તુત કરવાની મંજુરી આપે છે.

આ સીધા પોતાના વેબથી પ્રકાશિત ફોટો, વિડીયો કલીપ અને પાઠને કેપ્ચર કરીને સ્ટોરી કહેવા માટે ફ્રી એપ છે.

આ એપ્લીકેશન સીમિત પ્રાયોગિક પરિયોજનાના ભાગ રૂપે શરુ કરવામાં આવેલ છે.

હાલ ગૂગલના સીઈઓ તરીકે સુંદર પીચાઈ સેવા આપી રહ્યા છે.

## રમત-જગત

### મેલબોર્ન વર્ષ ૨૦૨૦ માં વર્લ્ડકપની ફાઈનલની મેજબાની કરશે.

૨૦૨૦ માં ઓસ્ટ્રેલીયામાં યોજાનાર ટુર્નામેન્ટમાં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પુરુષ અને મહિલાઓ માટેના વર્લ્ડ ટી-૨૦ બંનેના ફાઈનલની મેજબાની કરશે.

આવું પ્રથમવાર થશે કે અહી મહિલા અને પુરુષોની રમત ટી-૨૦ વિશ્વકપ અલગ-અલગ થશે,તથા એક જ વર્ષમાં રમાશે.

મહિલાઓની ફાઈનલ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૮ માર્ચ વિશ્વ મહિલા દિન) પર રમાશે.

ઓસ્ટ્રેલીયાની રાજધાની કૈનબરા છે, તથા તેનું ચલણ ઓસ્ટ્રેલીયાઈ ડોલર છે.

## અન્ય

### દેશના પ્રધાનમંત્રીશ્રીએ પહેલા ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સનું ઉદ્ઘાટન કર્યું.

પ્રધાનમંત્રીશ્રી દ્વારા નવી દિલ્હીમાં ઈન્દિરા ગાંધી ઈન-ડોર સ્ટેડીયમમાં પ્રથમ ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સનું ઉદ્ઘાટન કરેલ છે.

ભારતની ખેલ સંસ્કૃતિને જમીન સ્તર પર પુનઃ જીવિત કરવા માટે આ કાર્યક્રમ શરુ કરવામાં

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આવેલ છે.

એક ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા વિભિન્ન સ્તરો પર પ્રાથમિકતા વાળી રમત વિષયમાં ઓળખાઈ શકે તેવા ૧૭ રમતવીરોના પ્રતીભાશાળીને આઠ વર્ષ માટે પ્રતિવર્ષ પાંચ લાખ રૂપિયાની નાણાકીય સહાયતા પ્રદાન કરાશે.

ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સને ૩૧ જાન્યુઆરીથી ૮ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી નવી દિલ્હીમાં આયોજિત કરાશે.

હાલ કેન્દ્રીય રાજ્યમંત્રી તથા યુવા બાબતોના મંત્રી રાજ્યવર્ધન રાઠોડ છે.

## સમીક્ષા,તારીખ ૧/૦૨/૨૦૧૮

### સૌથી અમીર દેશોની સૂચિમાં ભારત વિશ્વમાં છઠ્ઠા ક્રમાંકે જાહેર થયું...

ભારત ૮,૨૩૦ અરબ અમેરિકી ડોલરની કુલ સંપતિ સાથે સૌથી ધનવાન દેશમાં છઠ્ઠા સ્થાન પર રહેવા પામેલ છે.

ન્યુ વર્લ્ડ વેલ્થના એક રિપોર્ટમાં સૌથી ધનવાન દેશોમાં અમેરિકા પ્રથમ સ્થાન પર છે.

ભારત ગત વર્ષ ૨૦૧૭ માં સૌથી વધારે સારું પ્રદર્શન મૂડી બજારમાં કરી શકેલ છે.

દેશની કુલ મૂડી વર્ષ ૨૦૧૬ માં ૬,૫૮૪ અરબ ડોલરથી વધીને વર્ષ ૨૦૧૭ માં ૮,૨૩૦ અરબ ડોલર થઇ છે.

આ વૃદ્ધિદરમાં ૨૫ ટકાનો વધારો થયેલ બતાવે છે.

આ સૂચિમાં અમેરિકા પ્રથમ સ્થાન પર રહેલ છે, જ્યારે ચીન ૨૪૮૦૩ અરબ ડોલર સાથે પછીના ક્રમે છે.

આ સૂચિમાં જાપાન ૧૯,૫૨૨ અરબ ડોલર સાથે ત્રીજા સ્થાન પર છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨/૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણે ભારતીય નૌસેનાના ડી.જી.એમ.ઓ. તરીકેનો ચાર્જ સંભાળ્યો.

લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણે ભારતીય નૌસેનાના સૈન્ય સંચાલનના નવા મહાનિર્દેશક તરીકે ચાર્જ સંભાળેલ છે.

તેઓ હવેથી લેફ્ટનન્ટ જનરલ એ.કે.ભટ્ટની જગ્યા સંભાળશે.

લેફ્ટનન્ટ જનરલ ચૌહાણે સેનામાં ઘણા મહત્વપૂર્ણ હોદ્દાઓ પર ફરજ બજાવી ચુક્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

તથા તેઓને જમ્મુ-કાશ્મીર અને પૂર્વોતરમાં આતંકવાદીથી સુરક્ષા અભિયાનોમાં વિશેષ સેવાઓ માટે ઓળખવામાં આવે છે.

હાલ બીપીન રાવત સેના સ્ટાફના વર્તમાન પ્રમુખ છે.

## આંતરરાષ્ટ્રીય

### વિશ્વ બેંકે તામીલનાડુમાં ગ્રામીણ અર્થ વ્યવસ્થાને આગળ વધારવા માટે ૧૦૦ મીલીયન અમેરિકન ડોલરનું ફંડ આપ્યું.

સરકાર અને વિશ્વબેંકે ૨૬ જિલ્લાઓમાં તામીલનાડુના પસંદ કરાયેલા બ્લોકોમાં ગ્રામીણ અર્થવ્યવસ્થાને આગળ વધારવા માટે ૧૦૦ મીલીયન અમેરિકન ડોલરની સહાય કરેલ છે.

આ સમજુતી માટે વિશ્વબેંક અને તમિલનાડુ સરકાર સાથે સમજુતી કરાર કરવામાં આવ્યા છે.

આ ફંડનો ઉદેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્યોગોને ઉતેજન આપવામાં માટેનો રહેલો છે.

આ ઉપરાંત રાજ્યમાં યુવાઓને રોજગારી પુરતા પ્રમાણમાં મળી રહે તે પણ ધ્યાને લેવાયેલ છે.

આ સમજુતી કરારથી ચાર લાખથી વધારે લોકોને લાભ મળશે.

તમિલનાડુ ગ્રામીણ પરિવર્તન પરિયોજના,ઉત્પાદક સંગઠનો અને ઉદ્યોગોની પસંદ કરાયેલ મુલ્ય શ્રુંખલાના વ્યવસાયને આગળ વધારશે.

## રમત-જગત

### અંડર-૧૯ વર્લ્ડકપમાં સેમીફાઈનલમાં ભારતે પાકિસ્તાનને કચડ્યું.

પાકિસ્તાનને હરાવી ભારતે આ મેચમાં ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

શુભનમ ગીલની શાનદાર સદી અને ઈશાનના પોરેલની બોલીંગના બળે ભારતે અન્ડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં પાકિસ્તાનને હરાવેલ છે.

ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચ ખાતે આ મેચ બંને દેશો વચ્ચે રમાઈ હતી.

ભારત દેશે ટોસ જીતીને પહેલા બેટિંગ કરી હતી.

ભારત દ્વારા ૫૦ ઓવરમાં નવ વિકેટ ગુમાવી ૨૭૨ રન ફટકાર્યા હતા.

## અન્ય

### ઈકોનોમિસ્ટ ઇન્ટેલિજેન્સ યુનિટના લોકતંત્ર સૂચકાંકમાં ભારત ૪૨ માં સ્થાન પર રહ્યું.

ઈ.આઈ.યુ.ના લોકતંત્ર સૂચકાંકમાં ભારત ૪૨ માં સ્થાન પર રહેવા પામેલ છે.

ભારત ગયા વર્ષમાં આ સૂચિમાં ૩૨ માં સ્થાન પર હતું.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ સૂચિમાં પ્રથમ ત્રણ દેશોમાં નોર્વે, આઈસલેન્ડ અને સ્વીડનનો સમાવેશ થાય છે.
આ સૂચકાંક ૧૬૫ સ્વતંત્ર દેશો તથા બે પ્રદેશોમાં પાંચ તબક્કામાં ચૂંટણી પ્રક્રિયા અને બહુમત, તેમજ અન્ય બાબતોમાં જુદા તારવવામાં આવે છે.
ઉત્તર કોરિયા ૧૬૭ માં સ્થાન પર સૌથી નીચે છે.

## સમીક્ષા,તારીખ ૨/૦૨/૨૦૧૮

### પર્યાવરણ મંત્રી હર્ષવર્ધને પેટાફ્લોપ સુપર કમ્પ્યુટર લોન્ચ કર્યું...

પર્યાવરણ મંત્રી હર્ષવર્ધને નોઇડામાં ૨.૮ પેટાફ્લોપ ક્ષમતા કમ્પ્યુટર લોન્ચ કરેલ છે.
આ કમ્પ્યુટર હાઈ પરફોર્મન્સ કમ્પ્યુટર સીસ્ટમ મિહિરની શરુઆત કરવામાં આવેલ છે.
આ સીસ્ટમ મોસમ અને જળવાયુંની સાચી જાણકારી પ્રદાન કરશે.
આ દેશમાં કૃષિ સંચાલન અને માછલી પકડવા માટે વિભિન્ન મુદ્દાઓ પર સંબોધિત કરવામાં સહાયક થશે.
આ સીસ્ટમથી જળવાયુ સાથે સંબધિત ગંભીર આપત્તિઓ અને માછીમારો માટે ચેતવણી અને ભવિષ્યવાણી કરવામાં કામ લાગશે.
આ કમ્પ્યુટર લોન્ચ થવાથી ભારત ૩૦ દેશોના અભિજાત વર્ગમાં સામેલ થઇ ગયેલ છે,જેની પાસે આવી સીસ્ટમ છે.
આ પહેલા પણ હાલમાં પ્રત્યુષ નામનું સૌથી તેજ કમ્પ્યુટર લોન્ચ કરવામાં આવેલ.

EduSafar

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. અથવા



આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com

કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે YouTube પર જઈ, EduSafar લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.

EduSafar